ગાંધીનગર સમાચાર
તા. ૪-૫-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કાશ્મીર પાક માટે ગળાની નસ પણ ભારત માટે તો માથાનો મુગટ

કાશ્મીરને પાકિસ્તાનની જુગ્યુલર વેઈન- ગળાની ધોરી નસ કહી પાકિસ્તાનના લશ્કરી વડા રાહિલ શરીફે વધુ એકવાર ભારત સામે નિશાન તાક્યું છે. થોડા દિવસ અગાઉ નવાઝ શરીફ સરકારના વરિષ્ઠ મંત્રી ચૌધરીએ નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બનશે તો શાંતિ જોખમાશે એવું નિવેદન કર્યું હતું.મોદી એમની પ્રચારસભાઓમાં સતત કાશ્મીરનો મુદ્દો ઉઠાવતા રહે છે અને સરહદ ઉપર થતી ઘૂસણખોરીના મામલે પાકિસ્તાનને કડક ચેતવણી આપતા રહે છે. પાક સરકાર દેખીતી રીતે જ મોદીના આવા આક્રમક અંદાજથી ઉશ્કેરાઈ છે. સરહદ ઉપર થતાં છમકલાં અને ભારતીય સૈનિકોનાં માથાં કાપી જવાની ઘટના ભાજપ માટે યુપીએ-૨ સરકારની નબળાઈ ઉજાગર કરવા માટેનો હાથવગો મુદ્દો બની ગઈ છે. નવાઝ શરીફે પરિસ્થિતિ વધુ વણસતી અટકાવવા ભારતમાં મોદી સહિત કોઈપણ નેતા કે પાર્ટીની સરકાર આવે એની સાથે ચર્ચા અને અમનના પ્રયાસ ચાલુ રાખવાની તૈયારી હોવાનું જણાવ્યું છે. જો કે પાકિસ્તાન મુદ્દે કોંગ્રેસી સરકારોનો વાંક કાઢતા રહેતા વિપક્ષોની સરકાર જયારે જયારે પણ આવી છે ત્યારે પાકિસ્તાન સાથે એમના મીઠા સંબંધો રહ્યા છે તે હકીકત નજર અંદાજ થઈ શકે એમ નથી. દેશની પ્રથમ બિનકોંગ્રેસી સરકારના વડા મોરારજી દેસાઈને પાકિસ્તાનનું સર્વોચ્ચ સમ્માન નિશાન-એ-પાકિસ્તાન એનાયત કરાયું હતું. પાકિસ્તાને આપણા 'ભારત રત્ન'ની કક્ષાનું આ રાષ્ટ્રીય સન્માન આજપર્યંત અન્ય કોઈ ભારતીય નેતાને એનાયત કરેલ નથી. (અભિનય સમ્રાટ- દિલીપકુમારને એક આંતરરાષ્ટ્રીય સ્તરના કલાકાર તરીકે આ સન્માન જરૂર મળ્યું છે) આજના પાક વડાપ્રધાન નવાઝ શરીફના કાર્યકાળમાં જ અટલબિહારી વાજપેયીએ દિલ્હીથી લાહોર જતી બસમાં પ્રવાસ કરી બેઉ પાડોશી રાષ્ટ્રો વચ્ચે સૌહાર્દ પૂર્ણ સંબંધો સ્થાપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું પરંતુ તત્કાલીન પાક આર્મીના વડા જનરલ મુશર્રફે એમને નાક કાપીને અપશુકન કરાવ્યા હતા. એમને સલામ ભરવાનું તો દૂર, હાથ મિલાવવાની પણ તૈયારી નહોતી દાખવી. સૌ જાણે છે કે પાકિસ્તાનમાં ચૂંટાયેલી સરકાર તો ખાલી દેખાવ પૂરતી જ હોય છે, ખરી સત્તા તો આર્મી જ ભોગવે છે. પાક આર્મીના વડાઓ એમની મરજી થાય ત્યારે ચૂંટાયેલી સરકારોનો એક યા બીજા મુદ્દે ઘડોલાડવો કરતી વેળાએ કોઈને પૂછવા નથી જતા. પાકિસ્તાનમાં લોકશાહી હોવાનું કહેવું એ તો ધોળે દિવસે તારા દેખાઈ રહ્યા છે એવું કહેવા બરાબર છે. લશ્કરશાહીથી ડઘાઈ ગયેલા રાજકારણીઓ પણ સત્તા પર ટકી રહેવા માટે લશ્કરી વડાના હુકમ માથે ચડાવતા રહ્યા છે. કાશ્મીરનો મુદ્દો રાજકારણીઓ કરતાં પાક આર્મીની પ્રતિષ્ઠાનો મુદ્દો છે. અડધું કાશ્મીર કબાઈલીઓના વેશમાં ઘૂસણખોરી કરીને પાક આર્મી પહેલાંથી જ પચાવી બેઠું છે. પાકિસ્તાનની લશ્કરી સત્તાઓ માટે સૌથી શરમજનક બાબત ૧૯૭૧માં જનરલ નિયાઝીના વડપણ હેઠળ ભારતીય લશ્કરની શરણાગતિ સ્વીકારવી પડેલી તે છે. આ દુખતી રગના સણકા પાક આર્મીને ચેનથી સૂવા નથી દેતા. પાકિસ્તાનની આખેઆખી પૂર્વ પાંખને મૂળમાંથી વેતરી નાખીને 'બાંગ્લાદેશ' સ્વરૂપે માન્યતા અપાવનાર હિંદુસ્તાનનું વેર વાળવા માટે કાશ્મીરનો પ્રશ્ન સળગતો રાખવા સિવાય પાકિસ્તાન પાસે અન્ય કોઈ ઉપાય જ નથી બચ્યો. કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ હોવાનું કે ભારતીય સંઘ સાથેનું એનું જોડાણ અફર હોવાનું રટણ કર્યા કરવાથી કાશ્મીરની સમસ્યા ઊકલી શકે એમ નથી. ભારતની તાકાત નથી કે એ કાશ્મીરના નાગરિકોના લોકમતની મોજણી કરાવી શકે. અલગતાવાદી પરિબળો ચૂંટણી વખતે ખીણ પ્રદેશમાં માંડ પચીસ ટકા મતદાન થવા દે છે, તે જ શું સૂચક નથી? નરેન્દ્ર મોદીએ કાશ્મીર મુદ્દે કડક વલણ દાખવવાની વાત કરી રાષ્ટ્રવાદી મોજું ઊભું કરવા પ્રયાસ જરૂર કર્યો છે પરંતુ ખુદ કેન્દ્રીય મંત્રી ડૉ. ફારૂક અબ્દુલ્લાને મોઢું બગાડીને ત્યાંની પ્રજા સમક્ષ કહેવું પડ્યું હતું કે દેશમાં સાંપ્રદાયિક સરકાર બનશો તો કાશ્મીર ભારત સાથે નહીં રહી શકે . કાશ્મીરનો પ્રશ્ન દાયકાઓથી યુનોમાં લટકે છે ત્યારે આ ભારેલો અગ્નિ કયારે ભભૂકી ઊઠશે એનું કશું જ નક્કી નહીં! અબજો રૂપિયાની ભારત સરકારની ગ્રાન્ટ મેળવતું આ 'પૃથ્વી ઉપરનું સ્વર્ગ' ભારત માટે કાયમી માથાનો દુખાવો બની રહ્યું છે જ્યારે પાકિસ્તાની નેતાઓ અને લશ્કરી વડાઓ માટે એ હાથવગું અને હોઠવગું હથિયાર છે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ કાશ્મીર મુદ્દે પાકિસ્તાન એક હજાર વર્ષ સુધી લડી લેવા તૈયાર હોવાનું નિવેદન કરેલું તેનું જ એક યા બીજા સ્વરૂપે પુનરાવર્તન થતું રહેશે, કારણ કે એ મુદ્દો છૂટતાંની સાથે પાક રાજકારણીઓની છુટ્ટી થઈ જાય એમ છે.

# ગાંધીનગરની વિવિધ શાળાઓનાં પરિણામ

### શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા, સે. ૨૯

| વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|
| **જુનિયર કે.જી.** | |
| પાંડર સૌમ્ય જે. | ૯૬.૦૮ |
| પાંડર સૌર્ય જે. | ૯૬.૦૮ |
| બોદર ફાતિમા એ. | ૯૫.૦૦ |
| બારોટ રચિત વી. | ૯૦.૦૪ |
| **સિનિયર કે.જી.** | |
| ઠાકોર એકતા વી. | ૯૮.૦૩ |
| ઠાકોર પૃથ્વીરાજ જે. | ૯૬.૦૪ |
| પુરોહિત ભૌમિક જે. | ૯૪.૦૦ |
| **ધોરણ-૧** | |
| બિહોલા જ્યોતિ આર. | ૯૦.૫૭ |
| ડિંડોર રાજેન્દ્ર એસ. | ૮૮.૦૭ |
| પરમાર સલોની આર. | ૮૩.૦૭ |
| **ધોરણ-૨** | |
| ખાંટ કેયુર આર. | ૯૪.૨૮ |
| ઉપાલા આંકાક્ષા સી. | ૯૧.૪૨ |
| વોરા હુસૈન આર. | ૮૯.૮૫ |
| **ધોરણ-૩** | |
| પરમાર શ્રદ્ધા વી. | ૮૩.૭૫ |
| સોલંકી નિરાલી એ. | ૭૯.૨૫ |
| અસારી નિરાલી એ. | ૭૯.૨૫ |
| ડામોર જ્યોત્સના વી. | ૭૭.૭૫ |
| **ધોરણ-૪** | |
| ચાવડા હર્ષિતા એમ. | ૯૩.૫૦ |
| ખાંટ પારસ આર. | ૯૨.૭૫ |
| બારોટ પ્રતિક્ષા કે. | ૮૮.૨૫ |
| **ધોરણ-૫** | |
| ખાંટ હાર્દિકા બી. | ૯૧.૧૧ |
| ઠાકરડા જયદીપ બી. | ૮૩.૩૩ |
| વસાવા જયદીપ બી. | ૭૯.૬૬ |
| સરવૈયા ભાર્ગવી એસ. | ૮૩.૧૧ |
| **ધોરણ-૬** | |
| મકવાણા સંધ્યા વી. | ૮૬.૫૦ |
| બારોટ સ્નેહલ ડી. | ૮૬.૦૬ |
| રાવળ સુમિત એ. | ૮૪.૧૭ |
| **ધોરણ-૭** | |
| પ્રજાપતિ દર્શના ડી. | ૯૧.૭૨ |
| નિનામા ભરત એ. | ૮૮.૯૪ |
| ચાવડા ઉન્નતિબા જે. | ૮૮.૬૧ |
| **ધોરણ-૮** | |
| પઠાણ સીમાબાનુ વાય. | ૮૯.૫૦ |
| ગામેતી ભૂમિકા આર. | ૮૭.૧૧ |
| તરાર સિદ્ધરાજ એસ. | ૮૭.૦૦ |
| **ધોરણ-૯** | |
| પાંડર જયદીપ એન. | ૯૬.૦૪ |
| પઠાણ સોહિલ એ. | ૯૩.૭૫ |
| પરમાર મયુર આર. | ૯૦.૬૩ |

### બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનું પરિણામ

| | |
|---|---|
| **ધોરણ-૯-એ** | |
| ધાર્મિકકુમાર એમ. દેસાઈ | ૮૨.૨૮ |
| ભૂમિબેન એમ. સુથાર | ૮૦.૫૭ |
| મહેન્દ્રસિંહ બી. ચૌહાણ | ૮૦.૨૮ |
| **ધોરણ-૯-બી** | |
| દિપિકા એમ. વાઘેલા | ૭૬.૪૨ |
| આનલ જી. ગજ્જર | ૭૬.૦૦ |
| ઉર્મિલા જી. બિહોલા | ૭૧.૮૫ |
| **ધોરણ-૧૧-એ** | |
| સોની જ્યોતિ એમ. | ૮૦.૭૭ |
| પટેલ નિરાલી એન. | ૭૭.૨૨ |
| રાઠોડ શબનમબાનુ આઈ. | ૭૬.૦૦ |
| **ધોરણ-૧૧-બી** | |
| મનસુરી તૈયબા એ. | ૭૦.૪૪ |
| વાઘેલા કાજલ આર. | ૭૦.૩૩ |
| રાઠોડ શ્રદ્ધાબા એ. | ૬૮.૪૪ |

### શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સે-૨૩, ગાંધીનગર

| | |
|---|---|
| **ધોરણ-૯** | |
| શાહ નિકુંજ ચિરાગભાઈ | ૯૬.૪૩ |
| પટેલ નીલ સુરેશકુમાર | ૯૬.૦૦ |
| વાઘેલા હિરેનસિંહ નાગદેવસિંહ | ૯૫.૨૯ |
| ગાંધર્વ મોહમદ ઉવેશ | ૯૫.૦૦ |
| ઠક્કર લખનકુમાર હસમુખભાઈ | ૯૪.૭૧ |
| પ્રજાપતિ ભાવિકકુમાર ભરતભાઈ | ૯૪.૨૯ |
| રાવલ ધવલ સંજયભાઈ | ૯૪.૧૪ |
| પટેલ તસ્મય દશરથભાઈ | ૯૪.૧૪ |
| પ્રજાપતિ નિશાંતકુમાર જયંતિભાઈ | ૯૪.૧૪ |
| પટેલ ભાવિક દિનેશભાઈ | ૯૪.૦૦ |
| પટેલ નિરજકુમાર ભરતભાઈ | ૯૨.૮૬ |
| ભાટી અજયસિંહ ભગવાનસિંહ | ૯૨.૮૬ |

### શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય, સેક્ટર-૭, ગાંધીનગર

| | |
|---|---|
| **ધોરણ-૧(અ)** | |
| કાપડીયા ખુશી કિરણકુમાર | ૯૯.૨૬ |
| સોલંકી કોષા મેહુલકુમાર | ૯૮.૮૯ |
| સોલંકી સ્વાતિ કૌશિકકુમાર | ૯૮.૫૨ |
| **ધોરણ-૧(બ)** | |
| રાજવંશી દૃષ્ટિ ભાવેશકુમાર | ૯૮.૫૨ |
| પટેલ સ્મિતકુમાર વિજયકુમાર | ૯૭.૯૬ |
| સોલંકી તન્વી જગદીશભાઈ | ૯૭.૪૧ |
| **ધોરણ-૧(ક)** | |
| પટણી એલીસા સુધીરભાઈ | ૯૯.૨૬ |
| સૈયદ નાઝમીન નિશાર અહેમદ | ૯૭.૫૯ |
| ચૌધરી નેન્સી લાલજી | ૯૬.૪૯ |
| **ધોરણ-૨(અ)** | |
| પુરોહિત પાયલ બાબુબાઈ | ૯૭.૦૪ |
| ચૌધરી ક્રિષ્ના જેસંગભાઈ | ૯૫.૭૪ |
| પટેલ શ્રુતિ જીતેન્દ્રભાઈ | ૯૬.૧૧ |
| **ધોરણ-૨(બ)** | |
| પરમાર તીર્થ કમલેશકુમાર | ૯૯.૨૬ |
| ચાવડા પ્રિન્સીકુંવરબા પ્રતાપસિંહ | ૯૮.૩૩ |
| વાઘેલાલ પ્રિયંગીકુંવરબા પ્રતાપસિંહ | ૯૭.૦૪ |
| **ધોરણ-૨(ક)** | |
| પટેલ સ્મિતકુમાર મહેશભાઈ | ૯૭.૦૪ |
| પ્રજાપતિ ધ્રુવી માણેકલાલ | ૯૬.૪૮ |
| સોની પર્વ હિમાંશુભાઈ | ૯૫.૮૩ |
| **ધોરણ-૩(અ)** | |
| કટારા હર્ષ પનાભાઈ | ૯૭.૨૨ |
| પોરબંદરી નંદિની મનીષભાઈ | ૯૬.૨૫ |
| ગોહિલ સમર્પણ અરવિંદભાઈ | ૯૬.૨૫ |
| **ધોરણ-૩(બ)** | |
| પટેલ પ્રિયાંશી ધર્મેશભાઈ | ૯૭.૫૦ |
| મકવાણા મિશ્વા શૈલેષકુમાર | ૯૬.૨૫ |
| મોદી પૂજન નિલેશકુમાર | ૯૬.૩૯ |
| **ધોરણ-૩(ક)** | |
| પનારા પ્રિયાંશુ ભાવેશકુમાર | ૯૬.૩૯ |
| પટણી કશ્યપ વિરાજભાઈ | ૯૪.૭૨ |
| દવે રોનક હસમુખભાઈ | ૯૩.૦૬ |
| **ધોરણ-૪(અ)** | |
| જોષી વાણી યતિનભાઈ | ૯૯.૩૩ |
| ઠાકોર સુરભિ જીજ્ઞેશભાઈ | ૯૬.૪૪ |
| વણઝારા ગૌતમ સરદારજી | ૯૫.૮૯ |
| **ધોરણ-૪(બ)** | |
| સોલંકી કરન જીતેન્દ્રકુમાર | ૯૮.૮૯ |
| ચૌધરી આશ્વી નરેશકુમાર | ૯૮.૨૨ |
| દિવાન ખુશી ભાર્ગવકુમાર | ૯૫.૮૯ |
| **ધોરણ-૪(ક)** | |
| લાડુમોર પૂર્વી જગદિશભાઈ | ૯૬.૯૦ |
| ભાવસાર સાક્ષી નીતિશભાઈ | ૯૫.૯૦ |
| પારેખ સ્નેહા રમેશભાઈ | ૯૫.૦૦ |
| **ધોરણ-૫(અ)** | |
| રાવલ શ્રેયા હિરેનકુમાર | ૯૬.૩૯ |
| ચૌહાણ કશિશ નરેશકુમાર | ૯૨.૬૯ |
| પંડ્યા ભક્તિ કિરીટકુમાર | ૯૨.૪૧ |
| **ધોરણ-૫(બ)** | |
| શેખ સાલેહા અઝીઝ મોહમંદ | ૯૬.૭૬ |
| પરમાર મહાવીરસિંહ અમરસિંહ | ૯૫.૪૨ |
| પ્રજાપતિ ધર્મેશ દશરથભાઈ | ૯૨.૫૮ |
| **ધોરણ-૫(ક)** | |
| પ્રજાપતિ રીતુબેન હસમુખભાઈ | ૯૪.૫૪ |
| દેસાઈ જયેશભાઈ ગાંડાભાઈ | ૯૩.૮૦ |
| પટેલ આસ્થાકુમારી શંકરલાલ | ૯૩.૬૧ |
| **ધોરણ-૬(અ)** | |
| પરમાર બરખા અશોકકુમાર | ૯૪.૪૩ |
| ઝાલા સંદિપસિંહ કનકસિંહ | ૯૩.૮૬ |
| ભાવસાર અદિતી વિપુલકુમાર | ૯૨.૨૧ |
| **ધોરણ-૬(બ)** | |
| ઠાકર પ્રિયાંશુ પ્રકાશભાઈ | ૯૪.૫૦ |
| વાળા ડિમ્પલ ભગવતસિંહ | ૯૩.૦૦ |
| પારેખ મેઘા બાવેશકુમાર | ૯૨.૭૧ |
| **ધોરણ-૬(ક)** | |
| પટેલ ચાર્મીબેન મહેન્દ્રભાઈ | ૯૦.૫૭ |
| ચૌધરી શિવાનીબેન વેલજીભાઈ | ૮૮.૪૩ |
| ચૌધરી દેવર્ષકુમાર મહેશભાઈ | ૮૬.૨૧ |
| **ધોરણ-૭(અ)** | |
| શુક્લ મૈત્રી પ્રકાશકુમાર | ૯૫.૧૪ |
| પ્રજાપતિ હેતવી રમેશકુમાર | ૯૩.૯૩ |
| ઠાકોર કુસુમ ચંદુજી | ૯૨.૩૫ |
| **ધોરણ-૭(બ)** | |
| મહેરિયા નિલય હિતેન્દ્રકુમાર | ૯૦.૭૧ |
| પટેલ પ્રિયાંશુ પ્રવિણભાઈ | ૮૯.૯૩ |
| પ્રજાપ્રતિ શિવમ અશોકભાઈ | ૮૮.૨૧ |
| **ધોરણ-૭(ક)** | |
| રાવલ વૈશાલી અશ્વિનકુમાર | ૯૨.૫૭ |
| પનારા રાજર્ષિ ભાવેશકુમાર | ૯૧.૩૬ |
| પટેલ તૃષા કચુભાઈ | ૯૦.૨૧ |
| **ધોરણ-૮(અ)** | |
| પટેલ હર્ષ જગદીશભાઈ | ૯૬.૫૧ |
| પટેલ નિધિ કિરણભાઈ | ૯૪.૫૨ |
| રાજપૂત રોશની સુરેન્દ્રસિંગ | ૯૦.૫૧ |
| **ધોરણ-૮(બ)** | |
| ગોસ્વામી મિહિર હર્ષદપુરી | ૯૮.૧૪ |
| નાયક મિત પંકજભાઈ | ૯૪.૫૦ |
| જામ શાહિનબાનુ અબ્બાલ અલી | ૮૭.૭૧ |
| **ધોરણ-૮(ક)** | |
| પ્રજાપતિ કિશન વિષ્ણુભાઈ | ૯૬.૧૪ |
| પટેલ ધ્વનિ મહેશકુમાર | ૯૪.૯૩ |
| ચૌધરી શ્રદ્ધાબેન મેઘરાજભાઈ | ૯૧.૬૪ |
| **ધોરણ-૮(ડ)** | |
| પટેલ રિદ્ધિબેન મનિષભાઈ | ૯૫.૦૦ |
| ચૌધરી શિવાની રમેશભાઈ | ૯૪.૫૦ |
| પટેલ કૃપાબેન ઉમેશભાઈ | ૮૬.૯૩ |

## હરિની દૃષ્ટિ...




કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડ પર જવા તૈયાર થવાનું કહ્યું એટલે ગરબાનો ડ્રેસ પહેરીને આવી ગયા...!!!

### સાબરકાંઠા- બનાસકાંઠા અરવલ્લીના આંતરીયાળ શાળાના બાળકોની ચરણસેવા

બળબળતા તાપમાં શાળાએ પરીક્ષા આવતા વિદ્યાર્થીઓની ચરણસેવા છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ કરી રહેલ છે. ગાંધીનગરના નાગરિકોની લાગણીને વાચા આપવાની સાથે જરૂરતમંદ લોકોને, વિદ્યાર્થીઓને પગરખાં પહેરાવી ચરણ સેવા કરી ઋણ અદા કરેલ છે. ગાંધીનગરના શાળાઓમાં મળી કુલ ૨૧ શાળાના આશરે ૨૧૦૦ વિદ્યાર્થીઓને સંસ્થા સેવકો અરૂણભાઈ બૂચ, મયુરભાઈ વ્યાસ, શશીકાન્ત મોઢ, સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, કિશોરભાઈ જીકાદરા વગેરે સ્થળ પર જાતે જઈને વિદ્યાર્થીઓને પગરખાં પૂરા પાડેલ છે.

સાબરકાંઠા- અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ, ગોધાફળિયા, પાદરડી, કસાણા, રોલા, ઉકરડી, ડેરયા, મોડાસાની બહેરા-મૂંગાની શાળા, પોલીટેકનીક, પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાની શાળાઓને પગરખાં પુરા પાડેલ છે. કસાણા ગામે શબરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓને પગરક્ષણ પુરા પાડેલ છે. જેમાં નંદલાલ દોશી સેવા મંડળ મેઘરજ ઉપસ્થિત રહેલ, મોડાસા ખાતે બહેરા-મૂંગા શાળા તથા પોલીટેકનીકના વિદ્યાર્થીઓને ડો. ટી.બી. પટેલ, કિરીટભાઈ સુથાર તથા અન્યમાં લાલુભાઈ આંબલીયા, સદ્વિચાર પરિવારના સેવાભાવી લોકોએ સેવાકાર્યમાં યોગદાન આપેલ હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

વેકેશન હજુ અડધે પહોંચ્યુ નથી, ત્યાં તો બજારમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નાં પુસ્તકો વેચાણમાં આવી ગયા છે.

# નામ ગુમ જાયેગા... ચહેરા યે બદલ જાયેગા...!!



**વિગેરે...વિગેરે...**
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

સાલ ૧૯૬૩. સ્વર સામગ્રી લત્તા મંગેશકરના ઘરનો ટેલીફોન રણક્યો. લત્તાએ હેલ્લો કર્યુ તો સામે છેડેથી સચિનદેવ બર્મનનો અવાજ હતો. લત્તાજી ચમક્યા કેમકે એ દિવસોમાં સચીનદા સાથે લતાજીને અણબનાવ ચાલતો હતો, બોલચાલ બંને પક્ષે લગભગ બંધ હતી અને એવામાં સચીનદા સામેથી ફોન કરે. 'લોતા, ઘર આઓ. તુમ્હારે લીયે એક ગાના હૈ, એક નયે લડકેને લિખ્ખા હૈ, બોત અચ્છા લીકતા હૈ' સચીનદાએ એમની બંગાળી મિશ્રિત હિન્દીમા સંભળાવ્યું. અને પછી લત્તા એ અણબનાવને ભૂલીને સચીનદાના સંગીતમા નવા છોકરાએ લખેલું ગીત રેકોર્ડ કર્યુ એ હતું ત્યારનું સુપરહીટ અને આજે પણ સદાબહાર ગીત 'મોરા ગોરા રંગ લઈ લે, મોહે શામ રંગ દઈ દે...' અને એ નવો છોકરો હતો સમ્પૂર્ણ સિંહ કાલરા ઉર્ફે ગુલઝાર..... સ્ટાર્ચ કરેલો કડક સફેદ કુરતો - પાયજામો પહેરેલા આ ઈન્સાનનો ખાલી પહેરવેશ જ નહિ પણ હાવભાવ, બોલચાલ અને વ્યવહાર ઉપરાંત ચહેરા પર પણ એક -કારની અજબ સાદગી હમેશ માટે પથરાયેલી હોય છે. ગુલઝારને જયારે પણ માધ્યમોમાં જોવાનો મોકો મળે ત્યારે એમના ટ્રેડમાર્ક સમી એમની આ ખાસીયતો વાતાવરણને અને જોનારને એક અલગ જ માહોલમાં લઈ જાય. ભલે દુનિયા માટે ગુલઝારનો આ એક જ સૌમ્ય અને સરળ ચહેરો હોય પણ આ એક ચહેરા પાછળ કેટલા બધા ચહેરાઓ છુપાયેલા છે. મોરા ગોરા રંગ લઈ લોથી કલમની તાકાત બતાવનાર આ પંજાબી મુંડેને ગીતકારની સાથે સાથે આપણે છેલ્લા પાંચેક દાયકાથી કહાનીકાર, સંવાદલેખક, દિગ્દર્શક, નિર્માતા અને સૌથી શ્રેષ્ઠ તો એક સંવેદનશીલ શાયર તરીકેના કેટકેટલા ચહેરાઓથી ઓળખીએ છીએ અને એક પણ ચહેરો એવો નહિ કે જેમાં તમને કોઈ ખોટ દેખાય, કોઈ અધુરપ દેખાય. ૭૭ વર્ષના ગુલઝારસાબે (સાચું નામ - સંપૂર્ણ સિંઘ કાલરા) છેલ્લા પચાસેક વર્ષની એમની સર્જનયાત્રામાં જે પણ સજર્યું એ એમના નામ -માણે હમેશા સંપૂર્ણ જ રહ્યું. બન્દીનીનું મોરા ગોરા અંગ લઈ લો થી બોલીવુડને પોતાની નોંધ લેવડાવી એ પહેલા પણ રાજકપૂર અભિનીત શ્રીમાન સત્યવાદી અને કાબુલીવાલામાં હેમંતકુમારના પહાડી અવાજવાળું ગંગા આયે કહા સે જેવા અર્થપૂર્ણ ગીતો ગુલઝારસાબ લખી ચુક્યા હતા. બંદિની મા સચિનદેવ બર્મન સાથે શરુ થયેલો ગુલઝારસાબનો કાવ્યમય સંબંધ સચીનદાના હોનહાર પુત્ર રાહુલદેવ બર્મન ઉર્ફે પંચમદા સુધી ચાલુ રહ્યો એટલું જ નહિ પણ રાહુલ અને ગુલઝારસાબે મળીને હિન્દી ફિલ્મને કર્ણપ્રિય અને અમુક અંશે ફિલ્મી ઢબથી હટીને બનાવેલા ગીતો અને સંગીત આપ્યા. કતરા કતરા અને ખાલી હાથ શામ આઈ હૈ (ઈજાજત), તુજસે નારાઝ નહિ અને આજે પણ બચ્ચા તો ઠીક પણ તમામ લોકોનું પ્રિય લકડી કી કાઠી (માસુમ), આજકલ પાવ જમીન પર નહિ પડતે મેરે (ઘર), પિયા બાવરી (ખુબસુરત) આ લખનારનું ફેવરીટ મુસાફિર હુ મૈ યારો (પરીચય). આ બંનેની જુગલબંદીથી સર્જાયેલા આવા મધુરમ તરાનાઓના નામ લખવા બેસો તો સેંકડો નામ લખવા પડે એવા હટકે કોમ્બીનેશન આ જોડી એ આપ્યા છે. એટલે તો એક મુલાકાતમા ગુલ્ઝારસાબે કહેલું કે મેં આર.ડી. ને મારી આખી જવાની આપી દીધેલી.

કૈક આવું જ ટ્યુનીગ ગુલઝારસાબને હતું રુશીદા યાની ઋષિકેશ મુખર્જી સાથે. રુશીદાની લગભગ હીટ ફિલ્મોના સ્ક્રીનપ્લે ગુલઝારસાબ એ લખેલા. જેનાથી અમિતાભનો સિતારો ચમક્યો એ આનંદ, ત્યારના સુપરસ્ટાર રાજેશ ખન્નાના બહેતરીન અભિનયવાળી નમકહરામ, અગેઈન રાજેશ ખન્નાનું બાવર્ચી, ઉત્પલ-અમોલની કલાસિક કોમેડી ગોલમાલ, જય ભાદુરીની બેહતરીન પાંચ ફિલ્મોમા આવે એવી મિલી અને ગુડ્ડી. રુશીદા- ગુલ્ઝારસાબની જોડીએ એકથી બઢકર એક એવી નવીન વિષયો અને માનવીય સંવેદનાઓવાળી ફિલ્મો આપી. અનેક સફળ ગીતો અને સ્ક્રીનપ્લે લખ્યા પછી ૧૯૭૧મા ગુલઝારસાબે દિગ્દર્શનમા કદમ માંડ્યા તો ત્યાં પણ એમની કળા અને આગવી સુજબુજના દર્શન થયા. એમણે દિગ્દર્શિત કરેલી પહેલી જ ફિલ્મ મેરે અપને ની કાસ્ટ જુવો. મીનાકુમારી, શત્રુઘ્ન અને વિનોદખન્નાને ચમકાવતી આ ફિલ્મમાં એમણે સતત જગડતા રહેતા યુવાનોની ઉગ્રતાને બખુબી બતાવેલા. મેરે અપને ની કથા અને વિષય વસ્તુ એ જમાનાથી ઘણા જ આગળ અને અલગ ઢબે જ ફિલ્માંકન કરેલા હતા. મેરે અપને મા એટલે કે આજથી ૪૦-૪૫ વર્ષ પહેલા એમણે ભ્રષ્ટાચાર/કરપ્શનનું ચિત્રણ કરેલું ત્યારે એમને ક્યાં ખબર હતી કે આવનાર સમયમાં રાજકારણ અને કરપ્શનને ચોલી દામનનો સંબંધ કાયમી થઈ જશે. તો ફિલ્મ કોશિશ મા બહેરા-મૂંગા કપલની વેદનાને પરદા પર જયાભાદુરી અને સંજીવકુમારે એટલી સમ્વેદનાથી ઉતારેલી કે હજુ આજે પણ એ ફિલ્મ જોતા તમારી આંખમાં અચૂક ઝળઝળિયાં આવી જાય. સંજીવકુમારના સંજીદા અભિનયની સાથે સાથે એ ગુલઝારના દિગ્દર્શનની જ કમાલ હતી કે કોશિશ માટે સંજીવકુમારને બેસ્ટ અભિનેતાનો નેશનલ એવોર્ડ મળ્યો અને ગુલઝારને એ જ ફિલ્મ માટે નેશનલ એવોર્ડ મળ્યો બેસ્ટ સ્ક્રીનપ્લે માટે. ૧૯૫૮ના કે.એમ.નાણાવટી મર્ડર કેસની સત્યઘટના પરથી એમણે બનાવ્યું 'અચાનક.' વિનોદખન્નાના બહેતરીન અભીનયવાળું આ ફિલ્મ પણ ગુલઝારસાબની મજબુત કથા અને દીગ્દર્શનથી આજે પણ જોવાલાયક છે. ૧૯૭૫મા ગુલઝારસાબના ભાથામાંથી છૂટ્યું એક તીક્ષ્ણ તીર જેનું નામ હતું 'આંધી.' હિન્દી લેખક કમલેશ્વરની નવલકથા 'કાલી આંધી' પર થી ગુલઝારે આ ફિલ્મનો સ્ક્રીનપ્લે અને કથા લખેલી. ફિલ્મી દુનિયાને છોડવાનું મન મનાવી ચૂકેલી બેંગાલી બહેતરીન અભિનેત્રી સુચીત્રાસેનને મેઈન રોલમા રાખીને ગુલઝારે એક રાજકીય વાર્તા અથવા એમ કહો ને કે એક પોલીટીકલ આંધી સર્જી. તત્કાલીન વડા-ધાન ઈન્દીરા ગાંધીને મળતા આવતા સુચીત્રા સેનના ગેટઅપને લીધે અને ફિલ્મની મુખ્ય અભિનેત્રીના સિગરેટ અને શરાબ પિતા દ્રશ્યોએ ખાસો વિવાદ જગાવ્યો. ફિલ્મના અમુક પોસ્ટરોમા લખાયેલા 'જુવો તમારા વડા-ધાનને મોટા પડદે' એવા લખાણોએ પણ બળતામાં ઘી હોમ્યું જેને લીધે રીલીઝ થયાના થોડા જ સફ્તાહ પછી ઈન્દીરાએ લાદેલી ઈમરજન્સીની આડમાં આ ફિલ્મ પર તત્કાલીન સરકારે -તિબંધ લગાવ્યો અને ફિલ્મને ટોકીઝોમાથી ઉતારી લેવી પડી જો કે ૧૯૭૭મા ઈન્દીરા હાર્યા અને સત્તા પર આવેલી જનતાદળની સરકારે -તિબંધ ઉઠાવી લીધો એટલું જ નહિ પણ દુરદર્શન પર એનું ફરીથી પ્રીમિયર પણ કરેલું. વિવાદોનો આ ફિલ્મને ખુબ ફાયદો થયો પણ સંજીવ - સુચિત્રાની અદ્ભુત અને ઠરેલ અદાકારીની સાથે સાથે આ ફિલ્મનું જમા પાસુ હતું ગુલઝારસાબનું દિગ્દર્શન અને આર.ડી.નું સંગીત. કિશોર- લત્તાના કાંઠે ગવાયેલા તુમ આ ગયે હો નુર આ ગયા હૈ... તેરે બીના જીન્દગી સે કોઈ અને ઈસ મોડ સે જાતે હૈ આ ત્રણ ગીતો આજે પણ સદાબહાર છે.

૧૯૭૫નું વર્ષ ગુલઝારસાબ માટે અને સિનેમા લવર્સ માટે યાદગાર રહેશે કેમકે આ એક જ વર્ષમાં ગુલઝારસાબની ૩ ફિલ્મો પ્રદર્શિત થઈ અને ત્રણેય એકમેકથી જુદી કથાવસ્તુવાળી અને ત્રણેય એકદમ હ્ટ કે, અગાઉ વાત કરી એ 'આંધી' સિવાય જમ્પિંગ જેક તરીકે જાણીતા જીતેન્દ્રને ગંભીર ભૂમિકામા ચમકાવતી 'ખુશ્બુ' અને ફરીથી સંજીવકુમારના આલાતરીન અભિનયવાળી 'મૌસમ' ગુલઝારસાબની જ 'પરીચય' મા અગાઉ ઉત્કૃષ્ટ કામ કરી ચુકેલ જીતેન્દ્રને ખુશ્બુ ની ગંભીર ભૂમિકાથી એક અભિનેતા તરીકેની ઓળખ મળી. ઓ માજી રે અને બેચારા દીલ ક્યાં કરે જેવા કર્ણપ્રિય ગીતોવાળી ખુશ્બુ થી જીતેન્દ્ર અભિનય કરી શકે છે એમ ગણાવા મંડાયું અને એ પછી જીતેન્દ્ર એ ઘણી ફિલ્મોમા ગંભીર ભૂમિકાઓ પણ કરી. અગાઉ રુશીદા માટે ગોલમાલ જેવી ફૂલ ટુ ધમાલ ફિલ્મ લખી ચુકેલા ગુલઝારસાબે ૧૯૮૨મા પોતાના દિગ્દાર્શનામા આવી જ એક ધમાલ મસ્તી વાળી કોમેડી સર્જી 'અંગુર'. શેક્ષપીયરના નાટક કોમેડી ઓફ એરર્સ પરથી લખેલી આ સરખા ચહેરા ધરાવતા જોડીયાઓની જોડીની અદલાબદલી વાળી મસ્તીખોર કથાને ગુલઝારે ભારતીય પરિવેશમાં એવી ઢાળી કે હજુ પણ આટલા વર્ષો પછી સંજીવકુમાર અને દેવેન વર્માની આ જુગલબંદી (પાછા આ ફિલ્મમા બંનેના ડબલ રોલ હતા એ નફ્ફામા), દીક્ષિ નવલની નેચરલ એક્ટિંગ સાથે મૌસમી ચેટરજી અને સપન ચક્રવર્તીના અવાજમાં સાંભળવું અને ગણગણવું ગમે એવું '-ીતમ આન મિલો' ગીત આજેય હીટ છે. ગુલઝારસાબની દિગ્દર્શિત કરેલી મોટા ભાગની ફિલ્મો વ્યવસાયિક સફળતા નથી મેળવી શકી એ હકીકત છે પણ એમની ફીલ્મોમાં રહેલા માનવીય સમ્વેદના અને પરીશથીતીઓનું માનવીય ચિત્રણ હમેશા ઉત્કૃષ્ટ અને ફિલ્મરસિકો માટે સદા સુપરહીટ રહ્યું છે. કીતાબ મા શિક્ષક અને ગામ લોકો નો સંબંધ હોય કે પછી માચીસ મા આતંક ના નામે સામાન્ય માનવીની મનોવ્યથા. મેરે અપને ની સાફ દીલ મીનાકુમારી હોય કે હુતુતુતુ નો કવિ નાના પાટેકર. મૌસમ મા અવળે રસ્તે ચડી ગયેલી પુત્રીને સુધારવા મથતો બાપ, ભારતમાં સ્ફોટક વિષયને લીધે રજુ ના થઈ શકેલી લિબાસમા લગ્નેત્તર સંબંધોમા ફસાયેલા નસીરુદીન શાહની મનોદશા.

૧૯૯૯મા બનાવેલી હુતુતુતુ દિગ્દર્શક તરીકેની એમની છેલ્લી ફિલ્મ છે એ પછી એમણે કોઈ ફિલ્મ દિગ્દર્શિત કરી નથી. પણ એમની કલમમાંથી કવિતાની ધારા સતત વહેતી રહી છે . હિન્દી ફિલ્મોમા આટલા લાંબા સમય સુધી અને આટલા સફળ થયા પછી પણ ગુલઝાર માને છે કે એ ફિલ્મો માટે નથી બન્યા. કારણ કે એમનો -થમ પ્રેમ છે કવિતા - શાયરી!!! કવિતાને એ હમેશા પોતાની રિયાસત માનતા રહ્યા છે, રજવાડું!!!! અને એમના ગીતોમા પણ સાંભળનારને અચિમ્બત કરી મુક્ત અને જુદા જ ભાવવિશ્વમા લઈ જતા મુખ્ડાઓ કે શબ્દો અચૂક મળે જ. યાદ છે ને લેકિનનું યારા સીલી સીલી અને રુદાલીનું દીલ હુ હુ

● અનુસંધાન પાના - ૭ પર